સત્યमेव जयते

**રજુ તારીખ  ૨૪/૦૨/૨૦૧૬**
**દાખલ તારીખ ૨૪/૦૨/૨૦૧૬**
**ફેંસલ તારીખ  ૧૩/૦૩/૨૦૨૬**
**સમયગાળો– વર્ષ  માસ  દિવસ**
**૧૦  ૦૦  ૧૭**

**માંગરોળના પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં,**

**મુ.માંગરોળ, જિ–સુરત.**

**રેગ્યુલર દિવાની મુકદ્દમા નંબર–૧૧/૨૦૧૬**
**આંકઃ**

| | | |
|---|---|---|
| **વાદીઓ** | ૧. | **પુષ્પાબેન સુરેશભાઈ પટેલ તે કલાણભાઈ છીતાભાઈની છોકરી**<br>ઉ.આ.વ.૪૪ ધંધો: ઘરકામ<br>હાલ રહેવાસી: C/o અનિલભાઈ ગોમાનભાઈ પટેલ, રહેઃ ૪૭, કૈલાસ નગર સોસાયટી સામે, નાના વરાછા,વરાછા રોડ,તા.સીટી,જી.સુરત<br>આંક–૭૪ ઉપર કરેલ હુકમ મુજબ સુધારો :<br>નવુ સરનામું: ૧, બિલ્ડીંગ નં–૧૫,દિનદયાળ સોસાયટી(ગુજરાત હાઉસીંગ બોર્ડ) વેલેન્ટાઈન થીયેટરની બાજુમાં, હુમ્મસ રોડ, પીપલોદ,સુરત.૩૯૫૦૦૭ |

**--॥ વિરૂદ્ધ ॥--**

| | | |
|---|---|---|
| <u>પ્રતિવાદીઓ</u> | ૧. | **કલાણભાઈ છીતાભાઈ પટેલ**<br>ઉ.આ.વ.૬૭ ધંધો: ખેતી,<br>રહે:લીમોદ્રરા,(મંદિરફળીયુ)<br>તા.માંગરોળ,જી.સુરત<br>**આંક–૭૮ ઉપર કરેલ હુકમ મુજબ પ્રતિવાદી નંબર–૧ ડિલિટ કર્યા.** |
| | ૨. | **નવીનભાઈ કલાણભાઈ પટેલ**<br>ઉ.આ.વ.૪૭ ધંધો: ખેતી,<br>રહેવાસી: એજનના |
| | ૩. | **પદમાબેન તે મનહરભાઈ રણછોડભાઈ પટેલની ધણીયાણી તે કલાણભાઈ છીતાભાઈની છોકરી**<br>ઉ.આ.વ.૪૯ ધંધો: ઘરકામ,<br>રહે: મુ.પો.જુની ગોદાવાડી, તા.માંડવી, જી.સુરત. |
| | ૪. | **દક્ષાબેન કલાણભાઈ પટેલ તે દિપકભાઈ પરભુભાઈ પટેલની ધણીયાણી**<br>ઉ.વ.આ.૪૨ , ધંધો–ઘરકામ<br>રહે: મુ.પો.જુના આસરમા,તા.હાંસોટ, જી.ભરૂચ. |
| | ૫. | **પાર્વતીબેન કલાણભાઈ પટેલ તે જગદીશભાઈ ભગવાનભાઈ પટેલની ધણીયાણી**<br>ઉ.આ.વ.૪૦ ધંધો: ઘરકામ<br>રહેવાસી: મુ.પો.ખરચી,તા.ઝઘડીયા, જી.ભરૂચ |
| | ૬. | **મર્હુમ ઝીણાભાઈ છીતાભાઈ પટેલના વારસદારો** |
| | ૬.૧. | **દિવાળીબેન તે ઝીણાભાઈ છીતાભાઈ પટેલની વિધવા**<br>ઉ.આ.વ.૭૦ ધંધો: ઘરકામ/ખેતી |

| | | |
|---|---|---|
| | | રહેવાસી: મુ.પો.લીમોરા,તા.માંગરોળ,જી.સુરત |
| | ૬/૨. | **મર્હુમ જગદીશભાઈ ઝીણાભાઈ પટેલના સીધીલીટીના વારસદારો** |
| | ૬/૨/૧. | **હંસાબેન તે જગદીશભાઈ ઝીણાભાઈ પટેલની વિધવા**<br>ઉ.આ.વ.૫૨ ધંધોઃ ખેતી/ઘરકામ<br>રહેવાસી:મુ.પો.લીમોરા, તા.માંગરોલ,જી.સુરત |
| | ૬/૨/૨. | **ભરતભાઈ જગદીશભાઈ પટેલ**<br>ઉ.આ.વ.૨૪ ધંધોઃ ખેતી/નોકરી<br>રહેવાસી: એજનના |
| | ૬/૨/૩. | **જયેશભાઈ જગદીશભાઈ**<br>ઉ.આ.વ.૨૩ ધંધોઃ ખેતી/નોકરી<br>રહેવાસી: એજનના |
| | ૬/૨/૪. | **ધર્મિષ્ઠાબેન જગદીશભાઈ પટેલ તે પરેશભાઈ નટવરભાઈ પટેલની ધણીયાણી**<br>ઉ.આ.વ.૨૫ ધંધોઃ ખેતી/ઘરકામ<br>રહેવાસીઃ મુ.પો.સમલી,તા.હાંસોટ, જી.ભરૂચ |
| | ૬/૩. | **ખુશાલભાઈ ઝીણાભાઈ પટેલ**<br>ઉ.આ.વ.૫૧ ધંધો: ખેતી<br>રહેવાસી:મુ.પો.લીમોદ્રા, તા.માંગરોળ,જી.સુરત |
| | ૬/૪. | **ધનસુખભાઈ ઝીણાભાઈ પટેલ**<br>ઉ.આ.વ.૪૩ ધંધો: ખેતી<br>રહેવાસી: એજનના |
| | ૬/૫. | **રેવાબેન ઝીણાભાઈ પટેલ તે કેશવભાઈ કરશનભાઈની ધણીયાણી**<br>ઉ.આ.વ.૫૫ ધંધો: ઘરકામ<br>રહેવાસી: મુ.પો. કરંજ,તા.માંડવી,જી.સુરત |
| | ૬/૬. | **લલીતાબેન ઝીણાભાઈ પટેલ તે ગણપતભાઈ પરસોતમભાઈની ધણીયાણી** |

| | | |
|---|---|---|
| | | ઉ.આ.વ.૫૩ ધંધો: ઘરકામ<br>રહેવાસી: મુ.પો.સમુસર,તા.માંગરોળ,જી.સુરત |
| | ૬/૭. | **મર્હુમ ભાનુબેન ઝીણાભાઈ પટેલ તે બાલુભાઈ બેચરભાઈની ધણીયાણીના સીધીલીટીના વારસદારો** |
| | ૬/૭/૧. | **બાલુભાઈ બેચરભાઈ પટેલ**<br>ઉ.આ.વ.૫૩ ધંધોઃ ખેતી<br>રહેવાસી:મુ.પો.ગોવાલી,તા.ઝઘડીયા,<br>જી.ભરૂચ |
| | ૬/૭/૨. | **શીતલબેન બાલુભાઈ પટેલ**<br>ઉ.આ.વ.૨૧ ધંધો: ઘરકામ<br>રહેવાસી: એજનના |
| | ૬/૭/૩. | **મીત્તલબેન બાલુભાઈ પટેલ**<br>ઉ.આ.વ.૧૯ ધંધો: ઘરકામ<br>રહેવાસી: એજનના |
| | ૬/૭/૪. | **સગીર ચીરાગ બાલુભાઈ પટેલ**<br>ઉ.આ.વ.૧૭ ધંધોઃ ઘરકામ<br>રહેવાસી: એજનના કુદરતી વાલી અને ઈષ્ટમીત્ર તરીકે<br>**બાલુભાઈ બેચરભાઈ પટેલ**<br>ઉ.આ.વ.૫૩ ધંધોઃ ખેતી<br>રહેવાસી: મુ.પો.ગોવાલી,તા.ઝઘડીયા,<br>જી.ભરૂચ |
| | ૬/૮. | **જેલીબેન તે ઝીણાભાઈ છીતાભાઈની છોકરી તે ભગવતીભાઈ કરશનભાઈ પટેલની વિધવા**<br>ઉ.આ.વ.૫૪ ધંધોઃ ઘરકામ<br>રહેવાસી: મુ.પો.લીમોદ્રા, તા. માંગરોળ,<br>જી.સુરત |
| | ૬/૯. | **ઈચ્છાબેન ઝીણાભાઈ પટેલ તે મહેશભાઈ** |

| | | |
|---|---|---|
| | | **અભેસિંહ ગોહિલની ધણીયાણી**<br>ઉ.આ.વ.પુખ્ત, ધંધો–ખેતી,<br>રહેવાસીઃ મુ.પો.પાદરીયા,તા.વાગરા,જી.ભરૂચ |
| | ૭. | **રમેશભાઈ ગોમાનભાઈ પટેલ**<br>ઉ.આ.વ.૫૧ ધંધોઃ ખેતી<br>રહેવાસી:મુ.પો.લીમોદ્રા,તા.માંગરોળ, જી.સુરત |
| | ૮. | **ગણપતભાઈ ગોમાનભાઈ પટેલ**<br>ઉ.આ.વ.૪૯ ધંધોઃ ઘરકામ<br>રહેવાસી: એજનના |
| | ૯. | **મુળચંદભાઈ દેવાભાઈ પટેલ**<br>ઉ.આ.વ.૬૫ ધંધોઃ ખેતી<br>રહેઃ લીમોદ્રા(વચલુ ફળીયુ) તા.માંગરોલ,<br>જી.સુરત |
| | ૧૦. | **ધનીબેન તે છોટુભાઈ (છીતાભાઈ) પટેલની વિધવા**<br>ઉ.આ.વ.૬૦ ધંધોઃ ખેતી/ઘરકામ<br>રહેવાસી: એજનના |
| | ૧૧. | **રમેશભાઈ કરશનભાઈ પટેલ**<br>ઉ.આ.વ.૫૫ ધંધોઃ ખેતી<br>રહે:મુ.પો.લીમોદ્રા,ખાડી કીનારે તા.<br>માંગરોળ,જી.સુરત |
| | ૧૨. | **લાલજીભાઈ ઓધાભાઈ માંગુકીયા**<br>ઉ.આ.વ.૪૬ ધંધોઃ ખેતી<br>રહે: ૨૯, કૃષ્ણનગર સોસાયટી, લંબે હનુમાન<br>રોડ,સુરત.<br>**આંક–૧૧૯ ઉપર કરેલ હુકમ મુજબ ડિલિટ કર્યા.** |
| | ૧૩. | **બાબુભાઈ ઓધાભાઈ માંગુકીયા**<br>ઉ.આ.વ.૪૦ ધંધો: ખેતી |

| | | |
|---|---|---|
| | | રહે: એજનના<br>**આંક–૧૧૯ ઉપર કરેલ હુકમ મુજબ ડિલિટ કર્યા.** |
| | ૧૪. | **રસીકભાઈ ધીરજલાલ આંબલીયા(પટેલ)**<br>ઉ.આ.વ.૪૩,ધંધોઃ ખેતી/વેપાર, ધર્મ : હિન્દુ<br>રહેઃ૯૯, કૈલાશ નગર સોસાયટી, ગજેરા સ્કુલની પાછળ, કતારગામ,સુરત.<br>**આંક–૭૫ ઉપર કરેલ હુકમ મુજબ પ્રતિવાદી નં.–૧૪ ને જોડયા** |
| | ૧૫. | **નરેશભાઈ ધીરજલાલ આંબલીયા(પટેલ)**<br>ઉ.આ.વ.૪૧,ધંધોઃ ખેતી/વેપાર, ધર્મ : હિન્દુ<br>રહે:૨૭, શ્રધ્ધાદિપ સોસાયટી, કોઝવે–સીંગણપોર રોડ, સુરત.<br>**આંક–૭૫ ઉપર કરેલ હુકમ મુજબ પ્રતિવાદી નં.–૧૫ ને જોડયા** |
| | ૧૬. | **પ્રેમજીભાઈ વિરજીભાઈ ધામેલીયા**<br>ઉ.આ.વ.૬૨, ધંધોઃ ખેતી/વેપાર, ધર્મ :હિન્દુ<br>રહે:૬૨, શ્રી રામ નગર સોસાયટી, હિરાબાગ, વરાછા રોડ,સુરત.<br>**આંક–૧૧૯ ઉપર કરેલ હુકમ મુજબ ડિલિટ કર્યા.** |

| | |
|---|---|
| <u>દાવો</u> | **દાવાવાળી જમીનમાંથી પહોચતા હકક, હિસ્સાની વહેચણી કરી કબજો મેળવવાનો, વેચાણ દસ્તાવેજ રદ બાતલ ઠેરાવવાનો, જાહેરાત જાથુકની મનાઈ વિગેરેનો** |

| | |
|---|---|
| વાદી તરફે વિ.વ. શ્રી | બી.આર. પટેલ |

| | |
|---|---|
| પ્રતિવાદીઓ તરફે વિ.વ. શ્રી | કોઈ નહી |

આ કામે વાદી દ્વારા સર્વે નંબર–૨૩૦/૪ જેનો બ્લોક નંબર–૩૨૭ તેમજ સર્વે નંબર–૨૨૭ જેનો બ્લોક નંબર–૩૩૦ તેમજ સર્વે નંબર–૧૪૫/૧ જેનો બ્લોક નંબર–૮૦ વાળી જમીન સબંધે હાલનો દાવો કરેલો અને ત્યાર બાદ તેઓ દ્વારા આ કામે આંક–૭૮ થી પ્રતિવાદી નંબર–૦૧ નુ મરણ થતા તેઓને ડિલિટ કરાવેલા અને આંક–૭૫ વાળી અરજી આપી પ્રતિવાદી નંબર–૧૪,૧૫,૧૬ ને પક્ષકાર તરીકે જોડેલા અને ત્યારબાદ વાદી અને પ્રતિવાદી નંબર–૧૨,૧૩,૧૬ વચ્ચે સર્વે નંબર–૨૨૭ જેનો બ્લોક નંબર–૩૩૦ તેમજ સર્વે નંબર–૧૪૫/૧ જેનો બ્લોક નંબર–૮૦ વાળી જમીન સબંધે આ પક્ષકારો જોડે તકરાર જતી કરી તેઓને ડિલિટ કરવા માટે આંક–૧૧૯ થી અરજી આપેલી જે અનુસંધાને હુકમ થતા તેઓ દ્વારા માત્ર સર્વે નંબર–૨૩૦/૪ જેનો બ્લોક નંબર–૩૨૭ વાળી જમીન બાબતે નો તકરાર સબંધે નો દાવો ચાલુ રાખેલ છે અને તે મુજબ સુધારા અરજી રજુ કરેલ છે. જેની વિગતો જોવામાં આવે તો આ કામે વાદી દ્વારા હાલની અરજી કરી જણાવેલ છે કે, મોજે લિમોદ્રા, તા. માંગરોળ જી. સુરત મુકામે આવેલી રેવેન્યુ સર્વે નંબર–૨૩૦/૪ બ્લોક નંબર–૩૨૭ વાળી જુની શરતની જમીન જેનુ ક્ષેત્રફળ ૩–૫૬–૭૫ હે.આરે.ચો.મી. તથા પૌતખરાબો"અ"વર્ગ નુ ક્ષેત્રફળ ૦–૦૨–૩૮ હે.આરે.ચો.મી. એમ કુલ મળી ૩–૫૬–૭૫ હે.આરે.ચો.મી. વાળી જમીન ગોમાનભાઇ છિતાભાઈ ના નામે ચાલતી હતી અને જે જમીન ભાગ્યાભાગ ની વહેચણીથી ગોમાનભાઇ છિતાભાઇના ભાગે ચાર એકર સોળ ગુઠા યાને કે ૧–૭૯–૫૬ હે.આરે.ચો.મી. તથા પૌતખરાબો"અ"વર્ગ નુ ક્ષેત્રફળ ૦–૦૧–૧૯ હે.આરે.ચો.મી. એમ કુલ મળી ૧–૮૦–૭૫ હે.આરે.ચો.મી. વાળી ખેડતા આવેલા જેનો બ્લોક નબર–૩૨૭ છે. આમ દાવાવાળી જમીન તેઓના પિતા કલાણભાઈ છિતાભાઇ એટલે કે પ્રતિવાદી નંબર–૦૧ ના ભાગે વારસાઈ હકકે પ્રાપ્ત થયેલી જેની નોંધ નંબર–૬૩૫ પડેલી છે અને ત્યારથી તેઓના વડિલોપાર્જીત જમીન માં વણવહેચાયેલ

અવિભાજય ૧/૬ હકક હિસ્સો આવેલો છે. યાને કે ૦–૩૩–૧૨.૫ યાને ૩૦૧૨.૫ ચો.મી. ના સહમાલિક અને કબ્જેદાર થયેલા.

વધુમાં જણાવે છે કે ઉપરોકત હકિકત હોવા છતા તેઓનો કાયદેસરનો વણવહેચાયેલો હકક હિસ્સો પહોચતો હોવા છતા પ્રતિવાદી નંબર–૦૨ તેના સગાભાઇ નવિનભાઈ કલણાભાઈ પટેલે પ્રતિવાદી નંબર–૦૧ એટલે કે તેઓના પિતાનુ નામ કમી કરી પ્રતિવાદી નંબર–૦૨ નાએ પોતાનુ નામ રેવન્યુ રેકર્ડે દાખલ કરાવી દીધેલ અને તેઓ માત્ર એકલા વારસદાર હોય તે રીતે તલાટી કમ મંત્રી ના મેળાપિપણા માં રેવેન્યુ દફતરે તેની નોંધ નંબર–૨૩૦૪ પડાવેલ જે તા.૧૮/૦૬/૧૯૯૭ ના રોજ પ્રમાણીત થયેલ છે. આમ તેઓ તથા પ્રતિવાદી નંબર–૦૩ થી ૦૫ નાઓ પ્રતિવાદી નંબર–૦૧ એટલે કે તેઓના પિતાના કાયદેસરના સિધીલિટી ના વારસદારો ને તલાટી કમ મંત્રી દ્વારા બોમ્બે લેન્ડ રેવેન્યુ કોડ કલમ–૧૩૫(ડી) ની નોટીસ બજાવવામાં આવેલ નથી કે તેઓ દ્વારા કોઇપણ ના લાભ મા રિલીજ દસ્તાવેજ કે અન્ય કોઇ લખાણો કરી આપેલ નથી. તેમજ તેઓ તેઓનો હકક હિસ્સો જતો કરવા માટે જવાબ લખાવવા ગયા નથી તેમ છતા વાદીની તથા  પ્રતિવાદી નંબર–૦૩ થી ૦૫ ની ખોટી સહી કરી પ્રતિવાદી નંબર–૦૧ ને અંધારામાં રાખી તેની કોરા કાગળ મા સહી કરી તેનો દુરઉપયોગ કરી  પ્રતિવાદી નંબર–૦૧ નુ નામ કમી કરાવી બ્લોક નંબર–૩૨૭ માં  પ્રતિવાદી નંબર–૦૨ નાએ તેઓનુ નામ દાખલ કરાવી દીધેલ.

વધુમાં જણાવે છે કે તેઓ પ્રતિવાદી નંબર–૦૧ ના સગી દિકરી છે અને તેઓના વારસદાર તરીકે દાવાવાળી જમીન માં તેઓનો હકક હિસ્સો નષ્ટ થઇ જતો નથી. રેવેન્યુ રેકર્ડ માં નામ દાખલ કરવાની જે કાર્યવાહીઓ કરવામાં આવે છે તે માત્ર ફિક્સલ પર્પજ માટેની કાર્યવાહી છે તેનાથી કોઇના રાઇટ નકકી થતા નથી અને પ્રતિવાદી નંબર–૦૨ નુ નામ બ્લોક નંબર–૩૨૭ વાળી જમીન મા હોવાથી તે તેના માલિક બની જતા નથી.

વધુમાં જણાવે છે કે રેવેન્યુ સર્વે નંબર–૨૩૦/૪ બ્લોક નંબર–૩૨૭ વાળી જમીન પ્રતિવાદી નંબર–૦૨ નાએ તા. ૨૯/૧૦/૨૦૧૩ ના રોજ રસિકભાઇ ધીરજભાઇ આંબલીયા તથા નરેશભાઇ ધીરજભાઇ આંબલીયા ને

વેચાણ આપી દીધેલ જે વેચાણ દસ્તાવેજ માંગરોળ સબ રજીસ્ટ્રાર કચેરીએ અનુક્રમ નંબર–૫૯૯૭ થી તા. ૨૯/૧૦/૨૦૧૩ ના રોજ નોંધાયેલ છે. તેમાંથી વાદીનો હકક હિસ્સો નકકી કરી છુટો પાડી વહેચણ નુ હુકમનામુ કરી આપવા અરજ કરેલ છે. વધુમાં જણાવે છે કે દાવાવાળી જમીન પ્રતિવાદી નંબર–૦૧ નાએ ખરીદેલ કે વસાવેલ નથી.

વધુમાં જણાવે છે કે તેઓ દ્વારા હાલનો દાવો કરી બ્લોક નંબર–૩૨૭ વાળી જમીન માં તેઓનો ૧/૬ વણવહેચાયેલો હકક હિસ્સો જાહેર કરવા અને તે છુટો પાડી તેનો પ્રત્યક્ષ કબ્જો તેઓને સોપવા અરજ કરેલ છે.તેમજ નોંધ નંબર–૨૩૦૪ ખોટી અને ગેરકાયદેસર ની છે તેવુ જાહેર કરવા તેમજ આ બ્લોક નંબર–૩૨૭ વાળી જમીન કોઇપણ રીતે ટ્રાન્સફર કરે કરાવે નહી તેવો મનાઇ હુકમ મેળવવા તેમજ બ્લોક નંબર–૩૨૭ વાળી જમીન મા થયેલ દસ્તાવેજ તેઓને બંધન કર્તા નથી તેવુ જાહેર કરવા અને વિકલ્પે જો કોર્ટ એવા નિષ્કર્સ પર આવે કે પ્રતિવાદી નંબર–૧૪ અને ૧૫ ના લાભ માં થયેલ દસ્તાવેજ છે ત્યારે દાવાવાળી બ્લોક નંબર–૩૨૭ વાળી જમીન માં તેઓનો હકક હિસ્સો પહોચે તે નકકી કરી વહેચણી નુ હુકમનામુ કરી આપવા અરજ કરેલ છે.

આ કામે પ્રતિવાદીઓને ને સમંસ કરતા પ્રતિવાદીઓ માંથી કોઇ હાજર ન થતા તેઓની વિરુધ્ધમાં એકતરફી કામ ચલાવવાનો હુકમ કરેલ છે. તેમજ આ કામે પ્રતિવાદી નંબર–૧૬ ને ડિલિટ કરવામાં આવેલ છે આથી તેઓ દ્વારા રજુ કરેલ જવાબ ની હકીકતો ધ્યાને લેવામાં આવેલ નથી.

આ કામે પક્ષકારો દ્વારા નીચે મુજબ ના પુરાવાઓ રજુ કરેલા છે.

<u>વાદી તરફે પુરાવા</u>–

(એ) <u>મૌખિક પુરાવા</u>–

| આંક | વિગત |
|---|---|
| ૧૧૪ | પુષ્પાબેન સુરેશભાઇ પટેલ તે કલાણભાઇ છીતાભાઇની છોકરી ની સોગંદ ઉપર સરતપાસ |

(બી) <u>દસ્તાવેજી પુરાવા</u>–

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | મોજે લીમોદરા ના બ્લોક નં–૩૨૭ વાળી જમીન ની ૮/અ ની ખરી નકલ | ૧૨૫ |
| ૨. | મોજે લીમોદરા ના બ્લોક નં–૩૨૭ વાળી જમીનની ગામ નમુના નં–૭/૧૨ ની ખરી નકલ | ૧૨૬ |
| ૩. | મોજે લીમોદરા ના બ્લોક નં–૩૩૦ વાળી જમીનની ગામ નમુના નં– ૮/અ ની ખરી નકલ | ૧૨૭ |
| ૪. | મોજે લીમોદરા ના બ્લોક નં–૩૩૦ વાળી જમીનની ગામ નમુના નં–૭/૧૨ ની ખરી નકલ | ૧૨૮ |
| ૫. | મોજે લીમોદરા ના બ્લોક નં–૮૦ વાળી જમીનની ગામ નમુના નં– ૮/અ ની ખરી નકલ | ૧૨૯ |
| ૬. | મોજે લીમોદરા ના બ્લોક નં–૮૦ વાળી જમીનની ગામ નમુના નં–૭/૧૨ ની ખરી નકલ | ૧૩૦ |
| ૭. | મોજે લીમોદરા ના સર્વે નં–૧૪૫/૧ ના બ્લોક નં.–૮૦ ની સને ૧૯૭૨–૭૩ થી ૧૯૭૬–૭૭ ના ૭/૧૨ ના ઉતારાની ખરી નકલ | ૧૩૧ |
| ૮. | મોજે લીમોદરા ના સર્વે નં–૧૪૫/૧ ના બ્લોક નં.–૮૦ ની સને ૧૯૭૭–૭૮ થી ૧૯૮૫–૮૬ ના ૭/૧૨ ના ઉતારાની ખરી નકલ | ૧૩૨ |
| ૯. | મોજે લીમોદરા ના સર્વે નં–૧૪૫/૧ ના બ્લોક નં.–૮૦ ની સને ૧૯૮૭–૮૮ થી ૨૦૦૧–૦૨ ના ૭/૧૨ ના ઉતારાની ખરી નકલ | ૧૩૩ |
| ૧૦. | મોજે લીમોદરા ના સર્વે નં–૧૪૫/૧ ના બ્લોક નં.–૮૦ ની સને ૨૦૦૨–૦૩ થી ૨૦૦૪–૦૫ ના ૭/૧૨ ના ઉતારાની ખરી નકલ | ૧૩૪ |
| ૧૧. | મોજે લીમોદરા ના સર્વે નં–૨૩૦ પૈકી ના બ્લોક નં.–૩૨૭ ની સને ૧૯૭૨–૭૩ થી ૧૯૭૬–૭૭ ના ૭/૧૨ ના ઉતારાની ખરી નકલ | ૧૩૫ |
| ૧૨. | મોજે લીમોદરા ના સર્વે નં–૨૩૦/૪ ના બ્લોક નં.– | ૧૩૬ |

| | | |
|---|---|---|
| | ૩૨૭ ની સને ૧૯૮૭–૮૮ થી ૨૦૦૦–૦૧ ના ૭/૧૨ ના ઉતારાની ખરી નકલ | |
| ૧૩. | મોજે લીમોદરા ના સર્વે નં–૨૩૦/૪ ના બ્લોક નં.– ૩૨૭ ની સને ૨૦૦૩–૦૪ થી ૨૦૦૪–૦૫ ના ૭/૧૨ ના ઉતારાની ખરી નકલ | ૧૩૭ |
| ૧૪. | મોજે લીમોદરા ના રેવેન્યુ દફતરે પડેલ નોંધ નં.– ૬૩૫ ની ખરી નકલ | ૧૩૮ |
| ૧૫. | મોજે લીમોદરા ના રેવેન્યુ દફતરે પડેલ નોંધ નં.– ૨૩૦૪ ની ખરી નકલ | ૧૩૯ |
| ૧૬. | મોજે લીમોદરા ના રેવેન્યુ દફતરે પડેલ નોંધ નં.– ૨૩૦૪ ના તુમારના તમામ કેસ પેપરોની ખરી નકલ | ૧૪૦ |
| ૧૭. | મોજે લીમોદરા ના રેવેન્યુ દફતરે પડેલ નોંધ નં.–૧૧ ની ખરી નકલ | ૧૪૧ |
| ૧૮. | મોજે લીમોદરા ના રેવેન્યુ દફતરે પડેલ નોંધ નં.–૬૧ ની ખરી નકલ | ૧૪૨ |
| ૧૯. | મોજે લીમોદરા ના રેવેન્યુ દફતરે પડેલ નોંધ નં.– ૬૩૭ ની ખરી નકલ | ૧૪૩ |
| ૨૦. | મોજે લીમોદરા ના રેવેન્યુ દફતરે પડેલ નોંધ નં.– ૬૭૩ ની ખરી નકલ | ૧૪૪ |
| ૨૧. | મોજે લીમોદરા ના રેવેન્યુ દફતરે પડેલ નોંધ નં.– ૧૦૭૬ ની ખરી નકલ | ૧૪૫ |
| ૨૨. | મોજે લીમોદરા ના રેવેન્યુ દફતરે પડેલ નોંધ નં.– ૧૦૭૭ ની ખરી નકલ | ૧૪૬ |
| ૨૩. | મોજે લીમોદરા ના રેવેન્યુ દફતરે પડેલ નોંધ નં.– ૨૨૨૪ ની ખરી નકલ | ૧૪૭ |
| ૨૪. | મોજે લીમોદરા ના રેવન્યુ બ્લોક નંબર–૩૨૭ વાળી જમીનનો વેચાણ દસ્તાવેજ મહેરબાન માંગરોલ ના સબ રજીસ્ટ્રારશ્રી સમક્ષ તા : ૨૯/૧૦/૨૦૧૩ ના રોજ એ અનુક્રમ નંબર–૫૯૫૭ થી નોંધાયેલ વેચાણ | ૧૪૮ |

| | | |
|---|---|---|
| | દસ્તાવેજ ની સર્ટીફાઈડ ફોટો કોપી ની ખરી નકલ. | |
| ૨૫. | મોજે લીમોદરા ના રેવન્યુ બ્લોક નંબર–૮૦ વાળી જમીન નો વેચાણ દસ્તવોજ જે દસ્તાવેજ મહેરબાન માંગરોલ ના સબ રજીસ્ટ્રાર થી સમક્ષ તા – ૦૪/૧૨/૨૦૧૩ ના રોજ નોંધાયેલ જે દસ્તાવેજ ની સ્ટેમ્પ ડ્યુટી ભરપાઈ કર્યા બાદ નવો નંબર–૩૪૧ તા – ૧૭/૦૧/૨૦૧૪ ના રોજ આપવામાં આવેલ છે તે વેચાણ દસ્તાવેજ ની સર્ટીફાઈડ ફોટો કોપી ની ખરી નકલ. | ૧૪૯ |
| ૨૬. | મર્હુમ કલાણભાઈ છીતુભાઈ પટેલ ના મરણ દાખલા ની અસલ નકલ. | ૧૫૦ |
| ૨૭. | મર્હુમ રતનબેન કલાણભાઈ પટેલ ના મરણ દાખલા ની અસલ નકલ. | ૧૫૧ |
| ૨૮. | ગ્રામ પંચાયત લીમોદરા ના તલાટી કમ મંત્રીશ્રી નો રતનબેન ના મરણ દાખલા બાબતે દાખલો. | ૧૫૨ |
| ૨૯. | મર્હુમ કલાણભાઈ છીતુભાઈ પટેલના પેઢીનામા ની અસલ નકલ. | ૧૫૩ |
| ૩૦. | એડવોકેટશ્રી ભુપેશ આર.પટેલે કલાણભાઈ છીતાભાઈ તથા નવીનભાઈ કલાણભાઈ પટેલને નોટીસ આપેલ તે નોટીસની ઓફીસ પ્રતની અસલ નકલ. | ૧૫૪ |
| ૩૧. | એડવોકેટશ્રી ભુપેશ આર.પટેલે કલાણભાઈ છીતાભાઈ તથા નવીનભાઈ કલાણભાઈ પટેલને નોટીસ આર.પી.એડી. દ્વારા પોષ્ટ કરેલ તેની રસીદની અસલ નકલ. | ૧૫૫ |
| ૩૨. | મોજે લીમોદરા ના રેવન્યુ બ્લોક નંબર–૮૦ વાળી જમીનનો વેચાણ દસ્તાવેજ મહેરબાન માંગરોલ ના સબ રજીસ્ટ્રારશ્રી સમક્ષ તા–૧૫/૧૨/૨૦૧૦ ના રોજ અનુક્રમ નંબર–૫૬૭૫ થી નોંધાયેલ વેચાણ દસ્તાવેજ ની સર્ટીફાઈડ ફોટો કોપી ની ખરી નકલ. | ૧૫૬ |

| | | |
|---|---|---|
| ૩૩. | મર્હુમ કલાણભાઈ છીતુભાઈ પટેલ ના પેઢીનામા ની અસલ નકલ. | ૧૫૭ |
| ૩૪. | મોજે લીમોદરાના બ્લોક નં–૮૧ વાળી જમીનની ગામ નમુના નંબર–૭ ઓનલાઈન બાર કોર્ડ વાળી નકલ. | ૧૫૮ |
| ૩૫. | મોજે લીમોદરાના ખાતા નં–૫૫૦ વાળી જમીનની ૮/અ ની ઓનલાઈન બાર કોર્ડ વાળી નકલ. | ૧૫૯ |
| ૩૬. | મોજે લીમોદરાના બ્લોક નં–૮૨ વાળી જમીનની ગામ નમૂના નંબર–૭ ની ઓનલાઈન બાર કોર્ડ વાળી નકલ. | ૧૬૦ |
| ૩૭. | મોજે લીમોદરાના ખાતા નં–૫૬૪ વાળી જમીનની ૮/અ ની ઓનલાઈન બાર કોર્ડ વાળી નકલ. | ૧૬૧ |
| ૩૮. | મોજે લીમોદરાના રેવન્યુ દફતરે પડેલ ફેરફાર નોંધ નં–૩૨૦૬ ની ઓનલાઈન બાર કોર્ડ વાળી નકલ. | ૧૬૨ |
| ૩૯. | મોજે લીમોદરાના રેવન્યુ દફતરે પડેલ ફેરફાર નોંધ નં–૩૨૧૭ ની  ઓનલાઈન બાર કોર્ડ વાળી નકલ. | ૧૬૩ |
| ૪૦. | મોજે લીમોદરાના રેવન્યુ દફતરે પડેલ ફેરફાર નોંધ નં–૩૧૩૩ ની ઓનલાઈન બાર કોર્ડ વાળી નકલ. | ૧૬૪ |
| ૪૧. | મોજે લીમોદરાના રેવન્યુ દફતરે પડેલ ફેરફાર નોંધ નં–૩૧૫૨ ની ઓનલાઈન બાર કોર્ડ વાળી નકલ. | ૧૬૫ |
| ૪૨. | મોજે લીમોદરાના બ્લોક નં–૩૫૭ વાળી જમીનની ગામ નમૂના નંબર–૭ ની ઓનલાઈન બાર કોર્ડ વાળી નકલ. | ૧૬૬ |
| ૪૩. | મોજે લીમોદરાના ખાતા નં–૫૬૨ વાળી જમીનની ૮/અ ની ઓનલાઈન બાર કોર્ડ વાળી નકલ. | ૧૬૭ |

**<u>પ્રતિવાદી તરફે પુરાવા</u>–**

**(એ) <u>મૌખિક પુરાવા</u>–**

| **આંક** | **વિગત** |
|---|---|
| આ કામે પ્રતિવાદી પક્ષ દ્વારા કોઇ મૌખીક કે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી. | |

આ કામે મારી અગાઉના ન્યાયાધીશ શ્રી દ્વારા આંક–૧૧૨ થી દાવાના નિર્ણય કરવા અર્થે નીચે મુજબના મુદ્દા ઘડેલા છે.

(૧) શું વાદી પુરવાર કરે છે કે મોજે લીમોદરા, તા. માંગરોલ ની બ્લોક નં. ૩૨૭, ૩૩૦ અને ૮૦ વાળી દાવાવાળી જમીનો વાદીના વડીલ છીતાભાઇ ગણેશભાઈ પટેલની માલીકીની ચાલી આવેલ ?

(૨) શું વાદી પુરવાર કરે છે કે સદર દાવાવાળી જમીનોમાં તેમના પિતા કલ્યાણભાઈ છીતાભાઇ પટેલ (પ્રતિવાદી નં.૧) નો વારસાઈ હકકે ૧/૬ વણવહેંચાયેલ અવિભાજય હકક હિસ્સો આવેલ છે ?

(૩) શું વાદી પુરવાર કરે છે કે તેઓ પ્રતિવાદી નં.૧ કલ્યાણભાઈ છીતાભાઇ પટેલના સીધીલીટીના કાયદેસરના વારસદાર હોઈ સદર દાવાવાળી જમીનોમાં વાદીનો વણવહેંચાયેલ અવિભાજ્ય હકક હિસ્સો હોઈ વાદી સદર દાવાવાળી જમીનોના સહમાલીક અને કબજેદાર બનેલ છે ?

(૪) શું વાદી પુરવાર કરે છે કે દાવાવાળી બ્લોક નં.૮૦ વાળી જમીન પ્રતિવાદી નં. ૧, ૬, ૯ અને ૧૦ નાએ સાથે રહી પ્રતિવાદી નં.૧૨ અને ૧૩ ને તારીખ ૧૫/૧૨/૨૦૧૦ ના રોજ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે તેમાં વાદીની સંમતી ન હતી અને સદર વેચાણ દસ્તાવેજ ખોટો, ગેરકાયદેસરનો, બીન અવેજી, બીનઅમલી અને નિરર્થક છે ?

(૫) શું વાદી પુરવાર કરે છે કે દાવાવાળી બ્લોક નં.૩૨૭ વાળી જમીન પ્રતિવાદી નં. ૨ નાએ સાથે રહી પ્રતિવાદી નં.૧૪ અને ૧૫ ને તારીખ ૨૯/૧૦/૨૦૧૩ ના રોજ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે તે દાવાવાળી જમીનમાં વાદીનો પણ હકક હિસ્સો હોઈ વેચાણ દસ્તાવેજ થી પ્રતિવાદી નં.૧૪ અને ૧૫ ને સદર જમીનમાં કોઈ હકક કે અધિકાર પ્રાપ્ત થતો નથી ?

(૬) શું વાદી પુરવાર કરે છે કે દાવાવાળી બ્લોક નં.૮૦ વાળી જમીન પ્રતિવાદી નં. ૧૨ અને ૧૩ નાએ તારીખ ૦૪/૧૨/૨૦૧૩ ના રોજ

રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ થી પ્રતિવાદી નં.૧૬ ને વેચાણ કરેલ છે તે વેચાણ દસ્તાવેજ થી પ્રતિવાદી નં.૧૬ ને સદર જમીનમાં કોઇ હકક કે અધિકાર પ્રાપ્ત થતો નથી ?

(૭) શું વાદી પુરવાર કરે છે કે બ્લોક નં. ૩૨૭, ૩૩૦ અને ૮૦ વાળી દાવાવાળી જમીનો વડીલોપાર્જીત જમીનો હોઈ તેમાં વાદી અને પ્રતિવાદી નં. ૧ થી ૫ નાઓનો એકસમાન વણવહેંચાયેલ હકક, હીત હિસ્સો માલીકી કબજો ભોગવટો વપરાશ સતત ચાલી આવેલ છે ?

(૮) શું પ્રતિવાદી નં.૧૬ પુરવાર કરે છે કે દાવાવાળી બ્લોક નં.૮૦ વાળી જમીન પ્રતિવાદી નં.૧ નાએ તેમની હયાતીમાં અન્ય સહમાલીકો સાથે પ્રતિવાદી નં.૧૨ અને ૧૩ ને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી આપેલ હોઈ સને ૨૦૦૫ ના હિન્દુ વારસાધારાના સુધારા પછી દાવાવાળી જમીનમાં વાદીને કોઈ હકક હિસ્સો મળવાપાત્ર થતો નથી ?

(૯) શું પ્રતિવાદી નં.૧૬ પુરવાર કરે છે કે તેઓએ દાવાવાળી બ્લોક નં.૮૦ વાળી જમીન વેચાણ અવેજની રકમ પ્રતિવાદી નં. ૧૨ અને ૧૩ નાઓને ચુકવીને ખરીદ કરેલ છે અને તે રીતે તેઓ સદર દાવાવાળી જમીનના બોનાફાઇડ પરચેઝર છે અને પ્રતિવાદી નં.૧૨ અને ૧૩ ના સદર જમીન ઉપર કોઇ માલીકી કબજાના હકકો રહેલ નથી?

(૧૦) શું વાદી પુરવાર કરે છે કે તેઓ ખેડખાતાની જમીનોમાંથી થયેલ આવક ખર્ચનો છેલ્લા ત્રણ વર્ષનો હિસાબ માંથી તેમના હિસ્સાની રકમ પ્રતિવાદી નં.૧ અને ૨ પાસેથી મેળવવા હકકદાર છે?

(૧૧) શું વાદી પુરવાર કરે છે કે દાવાવાળી વડીલોપાર્જીત જમીનોમાં તેઓનો કાયદેસરનો ૧/૬ હકક હિસ્સો આવેલ છે ?

(૧૨) શું વાદી દાવા અરજીમાં માંગ્યા મુજબની દાવાવાળી જમીનોની વહેંચણી કરી માંગ્યા મુજબ હકક હિસ્સો મેળવવા હકકદાર છે?

(૧૩) શું વાદી દાવા અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

(૧૪) શું હુકમ અને હુકમનામું?

ઉપરોક્ત મુદ્દાઓના અત્રેની અદાલતના મત મુજબ નિર્ણયો તથા કારણો નીચે મુજબ છે.

(૧) મુદ્દા નં. ૧. – નકાર

(૨) મુદ્દા નં. ૨. – નકાર

(૩) મુદ્દા નં. ૩. – નકાર

(૪) મુદ્દા નં. ૪. – નકાર

(૫) મુદ્દા નં. ૫. – નકાર

(૬) મુદ્દા નં. ૬. – નકાર

(૭) મુદ્દા નં. ૭. – નકાર

(૮) મુદ્દા નં. ૮. – નકાર

(૯) મુદ્દા નં. ૯. – નકાર

(૧૦) મુદ્દા નં. ૧૦. – નકાર

(૧૧) મુદ્દા નં. ૧૧. – નકાર

(૧૨) મુદ્દા નં. ૧૨. – નકાર

(૧૩) મુદ્દા નં. ૧૩. – નકાર

(૧૪) મુદ્દા નં. ૧૪. – આખરી હુકમ મુજબ.

આ કામે વાદી દ્વારા મૌખીક દલીલો કરેલ છે.જેમાં તેઓ દ્વારા દાવાવાળી જમીન મા તેઓનો હકક હિસ્સો સમાયેલો છે અને તે સાબિત કરવા માટે તેઓ દ્વારા મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે તેવુ જણાવી દાવા અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

## **–:: કા ર ણો ::–**

આ કામે ઉપસ્થિત થયેલા તમામ શબ્દો નુ પુનરાવર્તન ટાળવા માટે સંયુકત રીતે ચર્ચા કરવામા આવેલી છે.

વાદી દ્વારા હાલ નો દાવો મોજે લિમોદ્રા, તા. માંગરોળ જી. સુરત મુકામે આવેલી રેવેન્યુ સર્વે નંબર–૨૩૦/૪ બ્લોક નંબર–૩૨૭ વાળી જુની શરતની જમીન જેનુ ક્ષેત્રફળ ૩–૫૬–૭૫ હે.આરે.ચો.મી. તથા

પૌતખરાબો"અ"વર્ગ નુ ક્ષેત્રફળ ૦–૦૨–૩૮ હે.આરે.ચો.મી. એમ કુલ મળી ૩–૫૬–૭૫ હે.આરે.ચો.મી. વાળી જમીન ગોમાનભાઇ છિતાભાઇ ના નામે ચાલતી હતી અને જે જમીન ભાગ્યાભાગ ની વહેચણીથી ગોમાનભાઇ છિતાભાઇના ભાગે ચાર એકર સોળ ગુઠા યાને કે ૧–૭૯–૫૬ હે.આરે.ચો.મી. તથા પૌતખરાબો"અ"વર્ગ નુ ક્ષેત્રફળ ૦–૦૧–૧૯ હે.આરે.ચો.મી. એમ કુલ મળી ૧–૮૦–૭૫ હે.આરે.ચો.મી. વાળી ખેડતા આવેલા જેનો બ્લોક નબર–૩૨૭ છે. આમ દાવાવાળી જમીન તેઓના પિતા કલાણભાઇ છિતાભાઇ એટલે કે પ્રતિવાદી નંબર–૦૧ ના ભાગે વારસાઇ હકકે પ્રાપ્ત થયેલી જેની નોંધ નંબર–૬૩૫ પડેલી છે અને ત્યારથી તેઓના વડિલોપાર્જીત જમીન માં વણવહેચાયેલ અવિભાજય ૧/૬ હકક હિસ્સો આવેલો છે. યાને કે ૦–૩૩–૧૨.૫ યાને ૩૦૧૨.૫ ચો.મી. ના સહમાલિક અને કબ્જેદાર થયેલા અને પ્રતિવાદી નંબર–૦૨ દ્વારા તલાટી કમ મંત્રી ના મેળાપિપણા માં પ્રતિવાદી નંબર–૦૧ નુ નામ કમી કરાવી રેવેન્યુ દફતરે નોંધ નંબર–૨૩૦૪ તા. ૧૮/૦૬/૧૯૯૭ ના રોજ તેઓનુ નામ દાખલ કરાવી દિધેલ જેમાં તેઓ દ્વારા કોઇ રિલિઝ ડિડ કરી આપેલ નથી કે તેઓને કોઇ ૧૩૫(ડી) ની નોટીશ ની બજવણી થયેલ નથી.તેમજ પ્રતિવાદી નંબર–૦૨ નાએ પ્રતિવાદી નંબર–૧૪,૧૫ ને દાવાવાળી જમીન રેવેન્યુ સર્વે નંબર–૨૩૦/૪ બ્લોક નંબર–૩૨૭ વાળી દસ્તાવેજ નંબર–૫૯૯૭ થી તા. ૨૯/૧૦/૨૦૧૩ ના રોજ વેચાણ આપી દીધેલ હોવાનુ જણાવી દાવા અરજી કરેલ છે ત્યારે વાદી દ્વારા તેઓની દાવા હકિકત ને પુરવાર કરવા માટે રજુ કરેલા પુરાવા જોવામાં આવે તો તેઓ દ્વારા આંક–૧૧૪ થી લેખિત માં સરતપાસ નુ સોગંધનામુ રજુ કરેલ જે પ્રતિવાદીઓની ગેરહાજરી ને કારણ વણપડકારાયેલુ રેહેલુ છે. પરંતુ વાદી દ્વારા હાલનો દાવો દાવાવાળી મિલકત માં તેઓનો ૧/૬ હકક હિસ્સો સમાયેલ હોવાનુ જણાવી કરેલ છે અને દાવાવાળી જમીન વડિલોપાર્જીત જમીન હોવાનુ તેઓ જણાવે છે અને દાવા અરજી માં તેઓ દ્વારા દાવાવાળી જમીન પહેલા ગોમાનભાઇ છિતાભાઇ ના નામે ચાલતી હતી જે જમીનની ભાઇઓ ભાગની વહેચણી થતા દાવાવાળી જમીન તેઓના પિતા કલણાભાઈ છિતાભાઇને વારસાઇ હકકે પ્રાપ્ત થયેલી

અને તે બાબતની નોંધ રેવેન્યુ દફતરે નોંધ નંબર–૬૩૫ થી પાડવામાં આવેલ હોવાનુ જણાવે છે ત્યારે વાદી દ્વારા રજુ કરેલા દસ્તાવેજી પુરાવા જોવામાં આવે તો તેઓ દ્વારા આંક–૧૪૧ થી છિતાભાઇ ગણેશભાઇનાઓને દાવાવાળી જમીન મળેલા નુ દર્શાવવા માટે નોંધ નંબર–૧૧ રજુ કરેલ છે અને ત્યારબાદ આંક–૧૪૨ થી દાવાવાળી જમીન છીતાભાઇ ગણેશભાઇએ તેઓના દિકરાઓને તેઓની જમીન ની વહેચણી કરી આપેલી.જેમાં તેઓએ તેમના ત્રણ દિકરા ઝીણાભાઇ છિતાભાઇ, છોટુભાઇ છિતાભાઇ તેમજ ગોમાનભાઇ છિતાભાઇ ને તેઓ પાસે રહેલી જમીન ની વહેચણી કરી આપેલી જેમાં ગોમાનભાઇ છિતાભાઇ ના ભાગે સર્વે નંબર–૨૩૦ પૈકીની જમીન આવેલી. ત્યારબાદ ગોમાનભાઇ છિતાભાઇ નાઓએ ભાઇઓ ભાગની વહેચણીમાં દાવાવાળી જમીન કલણાભાઇ છિતાભાઇ ને આપેલી. જેની નોંધ તેઓ દ્વારા આંક–૧૩૮ થી રજુ કરવામાં આવેલી છે. જેમાં ૧૯૭૩ ની સાલ માં ભાઇઓ ભાગ ની વહેચણી માં ૨૩૦ પૈકી વાળી જમીન તેઓના ભાઇ ગોમાનભાઇ છિતાભાઇ એ તેમના ભાઈ કલણાભાઇ છિતાભાઇ ને આપેલ હોવાનુ જણાવેલુ છે અને ત્યારબાદ આ કામે રજુ થયેલ આંક–૧૩૯ વાળો દસ્તાવેજ જોવામાં આવે તો તે નોંધ નંબર–૨૩૦૪ સબંધેનો દસ્તાવેજ છે. જે પણ સને–૧૯૯૭ માં પડેલ નોંધ સબંધે નો છે જેમાં પ્રતિવાદી નંબર–૦૧ નાએ તેઓની હયાતિમાં પ્રતિવાદી નંબર–૦૨ નુ નામ દાવાવાળી જમીનમાં દાખલ કર્યા સબંધેની નોંધ પાડવામાં આવેલી છે અને તે સબંધે તલાટી દ્વારા લિધેલ જવાબો આંક–૧૪૦ થી રજુ કરવામાં આવેલા છે અને તેમાં પ્રતિવાદી નંબર–૦૧ પ્રતિવાદી નંબર–૦૨ સિવાય ના તમામ વારસો ની સહી લેવામાં આવેલ છે અને તેની ૧૩૫(ડી) ની નોટિશમાં પણ સહી લેવામાં આવેલ હોવાનુ જણાય છે. હવે વાદી દ્વારા ઉપરોકત દાવાવાળી જમીન તેઓની વડિલોપાર્જીત જમીન હોવાનુ જણાવેલ છે અને તે પુરવાર કરવા માટે તેઓ દ્વારા આંક–૧૪૧ અને ૧૪૨ રજુ કરવામાં આવેલ છે. તે ઉપરથી દાવાવાળી જમીન વાદી ના દાદા દ્વારા પોતે તેઓની હયાતીમાં કમાયેલી છે અને તેઓ દ્વારા પોતાની હયાતીમાં તેઓના દિકરા ઝીણાભાઇ છિતાભાઇ, છોટુભાઇ છિતાભાઇ તેમજ ગોમાનભાઇ છિતાભાઇ ને દાવાવાળી જમીન તેમજ અન્ય

જમીનોની વહેચણી કરી આપેલ. આમ વાદી ના દાદા દ્વારા તેઓએ કમાયેલી જમીન નુ તેઓની હયાતીમાં વહેચેણ કરેલ છે અને તે વહેચણ માંથી પ્રતિવાદી નંબર–૦૧ ને ગોમાનભાઇ છિતાભાઇએ ભાગ આપેલ છે. આમ વાદીના દાદા જમીન ની વ્યવસ્થા કર્યા વગર મરણ ગયેલ ન હતા અને તેઓએ તેમની હયાતી માં જ તે જમીન ની વ્યવસ્થા કરેલ જેમાં વાદી ના પિતાને કોઇ ભાગ આપવામાં આવેલ ન હતો અને વાદીના પિતાએ તે વ્યવસ્થા સામે કોઇ વિરોધ પણ કરેલ ન હતો ત્યારે આ જમીન વડિલોપાર્જીત જમીન કહી શકાય નહી. તેમજ આ કામે રજુ કરેલ આંક–૧૩૯ વાળો દસ્તાવેજ જોવામાં આવે તો પ્રતિવાદી નંબર–૦૧ નાએ એટલે કે વાદીના પિતાએ તેઓની હયાતી માં દાવાવાળી જમીન ની વ્યવસ્થા કરતા તેઓના પુત્રનુ નામ દાખલ કરેલ છે અને દાવાવાળી જમીન પ્રતિવાદી નંબર–૦૧ ને વારસાઇ માં મળેલ નથી. આ જમીન તેઓને તેઓના ભાઇ દ્વારા આપવામાં આવેલ હોવાનુ જણાય છે. આમ આ જમીન તેઓએ જાતે કમાયેલી કહી શકાય અને જાતે કમાયેલી જમીન ની વ્યવસ્થા કરવાનો અધિકાર તેઓનો રહેલો છે. ત્યારે તેઓ દ્વારા તેઓનો ના પુત્રને આ જમીન આપવામાં આવેલી છે અને તે સબંધે થયેલી કાર્યવાહી માં વાદી તેમજ પ્રતિવાદી નંબર–૦૧,૦૨ તેમજ અન્ય વારસોના જવાબ લેવામાં આવેલા છે જે આ કામે આંક–૧૪૦ થી રજુ કરવામાં આવેલા છે. આમ દાવાવાળી જમીન વડિલોપાર્જીત હોવાનુ વાદી સાબિત કરી શકતા નથી. આથી મુદ્દા નંબર–૦૧ થી ૦૩,૦૭ અને ૧૦ થી ૧૩ નો જવાબ નકાર માં ઠરાવવામાં આવે છે. તેમજ વાદી દ્વારા બ્લોક નંબર–૩૩૦ અને ૮૦ બાબતે પોતાની દાદ જતી કરેલ હોય મુદ્દા નંબર–૦૪,૦૬,૦૮ અને ૦૯ સંદર્ભે ચર્ચા કરવામાં આવેલ નથી.

આ કામે વાદી દ્વારા રજુ કરેલ આંક–૧૪૮ વાળા દસ્તાવેજ ને ધ્યાને રાખતા પ્રતિવાદી નંબર–૧૪ અને ૧૫ દ્વારા રજીસ્ટર વેચાણ દસ્તાવેજ ના આધારે દાવાવાળી મિલકત પ્રતિવાદી નંબર–૦૨ પાસેથી ખરીદ કરેલ છે ત્યારે વાદીને દાવાવાળી સંદર્ભે કોઇ અધિકાર હકક પ્રાપ્ત થતો નથી આથી મુદ્દા નંબર–૦૫ નો જવાબ નકાર માં ઠરાવવામાં આવે છે. આખરી મુદ્દા નંબર–૧૪ સંદર્ભે નીચે મુજબ નો હુકમ ફરમાવવામા આવે છે.

**<u>-:: હુ ક મ ::-</u>**

(૧) આથી વાદી ની દાવા અરજી નામંજુર કરવામાં આવે છે.

(૨) ખર્ચ સબંધે કોઇ હુકમ નથી.

(૩) હુકમ મુજબ પ્રાથમિક હુકમનામુ દોરવુ.

આ ઠરાવ આજ તા. ૧૩મી, માહે-માર્ચ , સને-૨૦૨૬ ના રોજ ખુલી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**માંગરોળ**
**તા. ૧૩/૦૩/૨૦૨૬**

**(જે.એસ.પરમાર )**
**પ્રિન્સીપાલ સીની. સીવીલ જજ**
**સિવીલ કોર્ટ, માંગરોળ, સુરત.**
**(કોડ-જીજે૦૧૧૫૫)**